જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૪/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૧૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૪૧	૨	૧૧૩૪૩	૧૭૪૬૧	૨	૧૭૪૬૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૩	૦	૭૩	૨૮૫	૦	૨૮૫
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૧૪૧૦	૧૪૨	૩૧૫૫૨	૩૨૮૧૨	૧૩૭	૩૨૯૪૯
કુલ		૪૭૫૨૯	૧૪૪	૪૭૬૭૩	૫૬૭૮૬	૧૩૯	૫૬૯૨૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૦	૯,૮૦,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૧૧	૬,૧૧,૦૦૦/-

એન.ડી.પી.એસ.ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

૧૧૦ કિલો ૧૮૦ ગ્રામ ગાંજાનો જથ્થો કુલ્લે કિ.રૂ.૧૧,૬૩,૧૧૦/- મત્તાના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીઓને ઝબ્બે કરી એન.ડી.પી.એસ.નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મિલાપ પટેલ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં નશીલા પદાર્થોનું વેચાણ તથા હેરાફેરી અટકાવવા સારૂ તેમજ એન.ડી.પી.એસ. ના કેસો શોધી કાઢવા સારૂ અસરકારક કામગીરી કરવા સુચનાઓ તથા માર્ગદર્શન આપેલ હોય જે અનુસંધાને પોલીસ ઇન્સ્પેકટરશ્રી એસ.એ.ગોહિલ તથા પો.સ.ઇ. એ.જી.બ્રિદ તથા સર્વેલન્સ સ્કોડ ટીમના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગાંજો, ચરસ જેવા નાર્કોટીક્સ તથા નશાકારક પદાર્થોની બદીઓને રોકવા ખાનગી બાતમીદારો મારફતે બાતમી મેળવવા સતત કાર્યશીલ હતા.

જે અન્વયે આજરોજ તા. ૦૩/૦૪/૨૦૨૧ ના કલાક ૦૩/૦૦ વાગ્યે અ.પો.કો. મયુરધ્વજસિંહ ધરમેન્દ્રસિંહ બ.નં.૮૯૮૭ નાઓને બાતમી હકિકત મળેલ કે, "એક ઓટો રીક્ષા નં.GJ.01.TF.1023 નો ચાલક કિરીટકુમાર પંચાલ તથા તેની સાથેના બે માણસો (૧) ચીમનભાઇ તથા ક્રિષ્નારાજ પુરોહિતનાઓ એક ઓટો રીક્ષામાં પોતાના કબ્જામાં કેટલોક ગેર કાયદેસરનો ગાંજાનો જથ્થો લઇ લાંભા ટી નાકાબંધી પોઇન્ટ આગળ થઇ નારોલ સર્કલ તરફ જવાના છે." વિગેરે મતલબની બાતમી હકિકત પો.ઇન્સશ્રી એસ.એ.ગોહિલ સાહેબને આપતા તેઓએ સરકારી કર્મચારીઓને પંચ તરીકે રાખવા સંપર્ક કરી બોલાવી બે સરકારી વાહનોમાં સ્ટાફના માણસો સાથે હકિકતવાળી જગ્યાએ જઇ છુટા છવાયા વોચમાં હાજર રહેતા થોડીવારમાં બાતમી હકિકતમાં જણાવેલ નંબર તથા વર્ણનવાળી ઓટો રીક્ષા અસલાલી તરફથી આવતી હોય જેને પોલીસ સ્ટાફના માણસોએ કોર્ડન કરી રોડની સાઇડમાં લેવડાવી રીક્ષામાં ડ્રાઇવર સીટ ઉપર બેઠેલ બે ઇસમો તથા પાછળની સીટ ઉપર બેસેલ એક ઇસમને નીચે ત્રણેયના વારાફરતી નામઠામ પુછતા (૧) કિરીટભાઇ ચિમનલાલ પંચાલ ઉ.વ.૫૪ રહે.મ.નં.૦૧ ઉત્તર ગુજરાત પંચાલ સોસાયટી ઉમિયા હોસ્પીટલ સામે રાણીપ અમદાવાદ શહેર (૨) ચીમનભાઇ મણાભાઇ ભંગી(સોલંકી) ઉ.વ.૩૪ રહે, ઉમિયા હોસ્પીટલની અંદર સ્વાગત હોલની બાજુમાં રાણીપ અમદાવાદ શહેર મુળ વતન ગામ મ.નં.૨૮૩ રબારી વાસ વાધવાડી તા:ખેરાલુ જી.મહેસાણા તથા (૩) ક્રિષ્નરાજ મસરારામ પુરોહિત ઉ.વ.૨૮ રહે.જય અંબે કેટર્સ ઉમિયા હોસ્પીટલની નીચે હૈદવેદવાડી પાસે ડીમાર્ટ રોડ રાણીપ અ'વાદ શહેર મુળ વતન ગામ ભાન્ડવપુર તા.છાયલા જી.ઝાલોર રાજસ્થાન નાઓની કબ્જાની

ઓટો રીક્ષા નં. GJ.01.TF.1023 માં ગેરકાયદેસરનો વગર પાસ-પરમીટનો ગાંજાનો જથ્થો ૧૧૦ કિલો ૧૮૦ ગ્રામ કિ.રૂ. ૧૧,૦૧,૮૦૦/- ની મત્તાનો તથા ઓટો રીક્ષાની કિ.રૂ. ૫૦,૦૦૦/- તથા અંગજડતીના રોકડા નાણા રૂ.૧૮૧૦/- તથા મોબાઇલ ફોન નંગ-૪ કિ.રૂ. ૯૫૦૦/- મળી કુલ્લે ૧૧,૬૩,૧૧૦/- ની મત્તાનો મુદ્દામાલ પંચનામા વિગતે કબ્જે કરી પકડાયેલ આરોપીઓ અંકલેશ્વર જી.આઇ.ડી.સી. બ્રીજ પાસેથી મુસ્લિમ ધર્મના વ્યકતિ પાસેથી ગાંજાનો જથ્થો લાવેલ હોય તેઓ તમામ વિરુદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.11191065210300/2021 ધી એન.ડી.પી.એસ. એક્ટ કલમ ૮(સી),૨૦(બી),૨૯ મુજબ ગુનો દાખલ કરી એન.ડી.પી.એસ. એક્ટ મુજબનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે. તા. ૦૩/૦૪/૨૦૨૧



પાસા અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

હાકીમસિંગ ઉર્ફે હકીમ ઉર્ફે કાળીયો ઉર્ફે મનોજ ઉર્ફે અસ્લમ ઉર્ફે વિનોદ ઉર્ફે અશોક સન/ઓફ બૈજનાથસિંગ જગબહાદુરસિંગ કુશ્વાહ ઉ વ ૩૫ રહે પ્રિતમસિંહની ચાલી પુષ્પાનગર ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ શહેરતથા મ નં ૧૫ જેવન ટાવર વૈશાલી સિનેમા પાસે નડીયાદ જીલ્લો ખેડા તથા મુળ વતન ગામ ગોરનકાપુરા તા. ઓરીયા થાના સેશો જીલ્લો ઇટાવા ઉત્તરપ્રદેશ.

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૧૮૭/૨૦૧૫ ધી ઇપીકો.કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ તથા
(૨) નરોડા પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૧૮૬/૨૦૧૫ ધી ઇપીકો કલમ ૪૫૪,૪૫૭, ૩૮૦,૧૧૪ મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નંપીસીબી/ડીટીએન/પાસા/૭૬૭/૨૦૧૫ તા. ૧૫/૧૦/૨૦૧૫ તથા બજવણી તા. ૦૨/૦૪/૨૦૨૧ ના કલાક ૨૧/૧૦ વાગે : રાજકોટ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો.સ.ઈ.શ્રી ડી.બી.પલાસ તથા અનાર્મ હે.કો.ચન્દ્રસિંહ લાખુભા બ.નં.૫૮૮૯ તથા અ.પો.કો.રાજુભાઇ રાહાભાઇ બ.નં.૧૦૫૮ તથા અ.લો.ર.જયેશભાઇ પાલાભાઇ બ.નં.૧૩૩૨ તથા અ.પો.કો.અતુલકુમાર સુખરામભાઈ બ. નં. ૮૬૦૬



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૧૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૯૧૯ લીટર દેશી દારૂ, ૪૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨ રિક્ષા અને ૧ મોટર સાયકલ કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૬૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૧૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૬૧૪/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ લક્ષ્મીબહેન વા/ઓ આનંદભાઇ પટેલ (ઉ.વ.૨૯) (રહે. ચુંવાળ સોસાયટી રામાપીરના મંદીર સામે ચાંદલોડીયા) એ તા.૦૨/૦૪/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગઇ તા.૦૫/૧૨/૨૦૨૦ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે લક્ષ્મીબહેન પટેલના મોબાઇલ પર મોબાઇલ નંબર ૯૫૪૭૦ ૬૪૭૦૫ ના ધારકે ફોન કરી " તમારા ફોન પે એકાઉન્ટમાં વાઉચર મળેલ છે " તેમ જણાવી વિશ્વાસમાં લઇ ફોન પે તથા ગુગલ પે એકાઉન્ટમાંથી અલગ-અલગ ઓનલાઇન ટ્રાન્ઝેકશન કરી કુલ રૂપિયા ૫૨,૭૦૧/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૬૧૫/૨૦૨૧**

ઓઢવઃ હેમરાજભાઈ ઓમકારજી પરેવા (રહે. મહાવિર સ્મૃતી સોસાયટી અર્બુદાનગર ઓઢવ) એ તા.૦૨/૦૪/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૩/૨૦૨૧ સવારના ૧૧/૦૦ થી તા.૦૨/૦૪/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ શીતલછાયા ચાર રસ્તા પર આવેલ રાજસ્થાન વાડીમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી રસોડામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.ઝાલા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૧૬/૨૦૨૧**

નરોડાઃ ધ્રુવ રાજનભાઈ ગજજર (ઉ.વ.૨૭) (રહે. વાઈબ્રન્ટ હોમ્સ વ્રજ રેસીડેન્સીની બાજુમાં હંસપુરા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૪/૨૦૨૧ ના રોજ પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી યોગેશકુમાર શેમ્યુલભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી